**[A] નીચે આપેલા ૪ જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1. શબ્દકોશમાં જોવા મળતાં નાના અક્ષરોને વાંચવા માટે તમે નીચેના પૈકી કયાં લેન્સનો ઉપયોગ કરશો ?**

(A) 50 cm કેન્દ્રલંબાઈનો બહિર્ગોળ લેન્સ
(B) 50 cm કેન્દ્રલંબાઈનો અંતર્ગોળ લેન્સ
(C) 5 cm કેન્દ્રલંબાઈનો બહિર્ગોળ લેન્સ
(D) 5 cm કેન્દ્રલંબાઈનો અંતર્ગોળ લેન્સ

**Ans. (C)**

**2. લેન્સ બનાવવા માટે નીચેનાં પૈકી કયા દ્રવ્યનો ઉપયોગ થઈ શકે નહિ ?**

(A) પાણી (B) કાચ (C) પ્લાસ્ટિક (D) ક્લે (માટી)

**Ans. (D)**

**3. સમતલ અરીસા વડે 2 m દૂર રહેલી વસ્તુ અને તેના પ્રતિબિંબ વચ્ચે કેટલું અંતર હોય ?**

(A) 2 m (B) 4 m (C) 3 m (D) 1 m

**Ans. (B)**

**4. 20 cm, 30 cm અને 50 cm કેન્દ્રલંબાઈ ધરાવતા લેન્સ પૈકી કયા લેન્સનો પાવર વધુ હશે ?**

(A) 50 cm (B) 20 cm (C) 40 cm (D) 30 cm

**Ans. (B)**

**5. માધ્યમની સપાટીને લંબરૂપે આપાત થતા પ્રકાશના કિરણનો વક્રીભૂતકોણ કેટલો હોય છે ?**

(A) 0° (B) 30° (C) 60° (D) 90°

**Ans. (A)**

**6. નીચેનામાંથી કયા અક્ષરના પ્રતિબિંબની બાજુઓ અરીસામાં ઊલટાયેલી જોઈ શકાતી નથી ?**

(A) O (B) P (C) Q (D) N

**Ans. (A)**

**7. બહિર્ગોળ અરીસાની સામે મૂકેલ વસ્તુને મોટા અંતરથી, અરીસાના ધ્રુવ તરફ ગતિ કરાવવામાં આવે, તો પ્રતિબિંબનું કદ .......... .**

(A) પહેલાં વધે પછી ઘટે (B) ઘટે છે (C) વધે છે (D) અચળ રહે છે

**Ans. (C)**

**[B] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)** **[19]**

**8. ખાલી જગ્યા પૂરો : પ્રકાશનું વિકિરણ .......... પ્રકારનું વિકિરણ છે.**

➠ વિદ્યુતચુંબકીય

**9. ખાલી જગ્યા પૂરો : આપણે જેના વડે જોઈ શકીએ છીએ તેવા પ્રકાશની તરંગલંબાઈ .......... છે.**

➠ $4 \times 10^{-7}$m થી $8 \times 10^{-7}$m

**10. ખાલી જગ્યા પૂરો : જે ભાગમાંથી પ્રકાશનું કિરણ સીધેસીધું પસાર થઈ જાય છે લેન્સના તે ભાગને .......... કહે છે.**

➠ મુખ્ય અક્ષ

**11. ખાલી જગ્યા પૂરો : ઘડિયાળી, ઘડિયાળ રિપેર કરવા માટે .......... લેન્સનો ઉપયોગ કરે છે.**

➠ બહિર્ગોળ

**12. ખાલી જગ્યા પૂરો : .......... પ્રતિબિંબો પડદા પર મેળવી શકાય છે.**

➠ વાસ્તવિક (સાચું)

**13. ખાલી જગ્યા પૂરો : જ્યારે પ્રકાશનું કિરણ એક માધ્યમમાંથી બીજા માધ્યમમાં જાય છે ત્યારે પ્રકાશની .......... અને .......... નામની રાશિમાં ફેરફાર થાય છે.**

➠ દિશા, ઝડપ

**14. અંતર્ગોળ અરીસા વડે મળતા પ્રતિબિંબોમાં પ્રકાશના પરાવર્તનના નિયમોનું પાલન થાય છે ? કઈ રીતે ?**

➠ હા, અંતર્ગોળના અરીસા નિયમોનું પાલન કરે છે. આપાતબિંદુ પાસેથી આપાતકિરણ એવી રીતે પરાવર્તન પામે છે કે જેથી પરાવર્તનકોણનું મૂલ્ય આપાતકોણના મૂલ્ય જેટલું થાય એટલે કે પરાવર્તનના નિયમોનું પાલન થાય છે.

**15. ગોલીય અરીસા માટે વસ્તુઅંતર, પ્રતિબિંબઅંતર, કેન્દ્રલંબાઈ આ ત્રણેય રાશિઓ વચ્ચે સંબંધ દર્શાવતું સૂત્ર જણાવો.**

➠ ગોલીય અરીસા માટે વસ્તુઅંતર $u$, પ્રતિબિંબઅંતર $v$ અને કેન્દ્રલંબાઈનો સંબંધ દર્શાવતું સૂત્ર, $\frac{1}{v}+\frac{1}{u}=\frac{1}{f}$

**16. બહિર્ગોળ અરીસામાં અનંત અંતરેથી આવતા કિરણો વકીભવન પામીને પ્રકાશીય કેન્દ્રથી 15 cm દૂર કેન્દ્રિત થાય છે, તો તે અરીસાની વક્રતાત્રિજ્યા કેટલી હશે ?**

➠ ગોલીય અરીસા માટે R = $2f$ જ્યાં R = વક્રતાત્રિજ્યા અને $f$ = કેન્દ્રલંબાઈ બહિર્ગોળ અરીસા માટે $f$ = 15cm છે ∴ R = 2 × 15 = 30cm

**17. સ્નેલના નિયમનું સૂત્ર જણાવો.**

➠ સ્નેલના નિયમનું સૂત્ર $\frac{\sin i}{\sin r}$ = અચળ, જ્યાં $i$ = આપાતકોણ અને $r$ = વક્રીભૂતકોણ

**18. વસ્તુને જ્યારે 2F પર મૂકવામાં આવે છે ત્યારે બહિર્ગોળ લેન્સ વડે મળતાં પ્રતિબિંબનું સ્થાન જણાવો.**

➠ લેન્સનો પ્રકાર = બહિર્ગોળ લેન્સ; વસ્તુનું સ્થાન = 2F પર; પ્રતિબિંબનું સ્થાન = વસ્તુના સ્થાનથી બહિર્ગોળ લેન્સની વિરુદ્ધ બાજુએ $2F_2$ પર

**19. વસ્તુને જ્યારે બહિર્ગોળ લેન્સના $F_1$ અને પ્રકાશીય કેન્દ્ર O ની વચ્ચે મૂકવામાં આવે છે ત્યારે પ્રતિબિંબના સ્થાન અને કદ જણાવો.**

➠ લેન્સનો પ્રકાર = બહિર્ગોળ લેન્સ; પ્રતિબિંબનું સ્થાન = વસ્તુના સ્થાન તરફ; કદ (પરિમાણ) = વસ્તુ કરતાં મોટું અને ચત્તુ

**20. બહિર્ગોળ લેન્સનો વિપુલદર્શક કાચ (સૂક્ષ્મદર્શકયંત્ર) તરીકે ઉપયોગ કરવા વસ્તુને ક્યાં મૂકવી જોઈએ ?**

➠ બહિર્ગોળ લેન્સના પ્રથમ મુખ્ય કેન્દ્ર $F_1$ અને પ્રકાશીય કેન્દ્ર (ઑપ્ટિકલ કેન્દ્ર) O ની વચ્ચે

**21. વક્રીભૂત કિરણથી આકૃતિ પૂર્ણ કરો.**




➠

**22. પ્રિયા અરીસાની સામે ઊભી છે તે ડાબો હાથ ઊંચો કરે છે ત્યારે સમાન કદના પ્રતિબિંબમાં જમણો હાથ ઊંચો થાય છે. તો પ્રિયા કયા પ્રકારના અરીસાની સામે ઊભી છે ?**

➠ સમતલ અરીસા સામે, સમતલ અરીસા વડે મળતું પ્રતિબિંબ સમાન કદનું અને પાશ્ચિક ઊલટસૂલટ અને ચત્તું મળે છે.

**23. ગોલીય અરીસાની મોટવણીનું સૂત્ર જણાવો.**

➠ મોટવણી $(m)$ = $\frac{\text{પ્રતિબિંબની ઊંચાઈ } (h')}{\text{વસ્તુની ઊંચાઈ } h}$ ∴ $m = \frac{h'}{h}$ અને વસ્તુઅંતર $(u)$ અને પ્રતિબિંબ અંતર $(v)$ના પદમાં મોટવણી,

$\therefore\ m = -\frac{v}{u}$

**24. બહિર્ગોળ લેન્સનો પાવર +2.0 D હોય તો લેન્સની કેન્દ્રલંબાઈ કેટલી થાય ?**

➠ લેન્સનો પાવર P = + 2.0D નો અર્થ એમ થાય કે આ લેન્સ બહિર્ગોળ લેન્સ છે અને તેની કેન્દ્રલંબાઈ

$f=\frac{1}{P}=\frac{1}{+2.0}=+0.5\text{m}$ અથવા $f$ = + 50 cm છે.

**25. ચશ્માં માટે ડૉક્ટર, બે આંખની ખામી માટેનું પ્રિસ્ક્રિપ્શન નીચે મુજબ લખે છે : જમણી આંખ : –3.0 D ડાબી આંખ : – 4.0 D તો કઈ આંખ વધારે નબળી છે ?**

➠ ડાબી આંખ માટે P = –4.0 D હોવાથી તે વધારે નબળી છે.

**26. એક ગોલીય અરીસા વડે રચતાં પ્રતિબિંબની મોટવણી ± 2 છે. તો તે કયા પ્રકારનો અરીસો હોઈ શકે ?**

➠ અંતર્ગોળ અરીસો, માત્ર અંતર્ગોળ અરીસા વડે મોટું પ્રતિબિંબ મળે જે વાસ્તવિક અને આભાસી હોય; વાસ્તવિક પ્રતિબિંબ માટે મોટવણી ધન અને આભાસી પ્રતિબિંબ માટે મોટવણી ઋણ ગણાય.